# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 27-11-2024 MIDDAY : 1.20 to 1.30
Day : WEDNESDAY National News

**આકાશવાણી સમાચાર બકુલા પરમાર વાંચે છે.**

***************************************************

1) વિપક્ષોના હોબાળાના પગલે સંસદના બંને ગૃહો આજના દિવસ માટે મુલતવી
2) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ ચાર દિવસના તામિલનાડુના પ્રવાસે કોઇમ્બતુર પહોંચ્યા
3) નવી દિલ્હી ખાતેથી “બાળ લગ્ન મુક્ત ભારત” રાષ્ટ્રીય અભિયાનનો આજથી પ્રારંભ
4) ઇઝરાયેલ અને લેબેનોન સ્થિત હિઝબુલ્લાહ સાથેના યુધ્ધવિરામનો અમલ આજ સવારથી શરૂ
5) ચક્રવાત ફેંગલને કારણે તમિલનાડુના દરિયાકાંઠે ભારે વરસાદનું રેડ એલર્ટ

***************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## SANSAD

**વિપક્ષોના હોબાળાના પગલે સંસદના બંને ગૃહોની કામગીરી આજના દિવસ માટે સ્થગિત કરી દેવાઇ હતી. એક અગ્રણી વેપારી જૂથ સામે કથિત લાંચના**

આરોપો સહિતના વિવિધ મુદ્દાઓ પર વિપક્ષના હોબાળા વચ્ચે રાજ્યસભાની કાર્યવાહી આજે સવારે શરૂ થતાંની સાથે જ દિવસભર માટે સ્થગિત કરવામાં આવી છે. જ્યારે લોકસભાની કાર્યવાહી શરૂ થતા સ્થિગત કરી દેવાઇ હતી.

કોંગ્રેસ, ડાબેરી, DMK, TMC, SP, AAP અને અન્ય પાર્ટીઓના સંસદ સભ્યોએ ગૃહને સ્થગિત કરવાનો મુદ્દાઓ ઉઠાવીને હોબાળો શરૂ કર્યો હતો. અગાઉ, જ્યારે આજે સવારે ગૃહની કાર્યવાહી શરૂ થઈ, ત્યારે અધ્યક્ષ જગદીપ ધનખરે વિપક્ષી સાંસદો દ્વારા એક અગ્રણી વેપારી જૂથ, મણિપુર હિંસા અને ઉત્તર પ્રદેશના સંભલમાં હિંસા મામલે નિયમ 267 હેઠળ આપેલી સ્થગિત નોટિસને ફગાવી દીધી હતી. આ મુદ્દે વિપક્ષના સભ્યોએ ગૃહમાં ઘોંઘાટના દ્રશ્યો સર્જ્યા હતા

જ્યારે લોકસભામાં, ગૃહની બેઠક મળતાની સાથે જ વિપક્ષી સભ્યોએ આ જ મુદ્દાઓ પર હોબાળો મચાવ્યો હતો. સ્પીકર ઓમ બિરલાએ સદસ્યોને વારંવાર વિનંતી કરી હતી કે તેઓ ગૃહને કામ કરવા સહકાર આપે અને ગૃહની ગરિમા જાળવી રાખે. તેમણે વિપક્ષી સાંસદોને ખાતરી આપી હતી કે પ્રશ્નોત્તરીકાળ બાદ તમામ મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવશે. જો કે વિપક્ષના સભ્યોએ સૂત્રોચ્ચાર ચાલુ રાખ્યા હતા. જેના કારણે ગૃહની કાર્યવાહી બપોરે 12 વાગ્યા સુધી સ્થગિત કરી દેવાઈ હતી. જોકે બાર વાગ્યા બાદ ગૃહમાં ફરીથી કામકાજ શરૂ થયુ હતું. વિપક્ષોના હોબાળા વચ્ચે પશ્નોત્તરી સત્ર આરંભાયુ હતું. પરંતુ વિપક્ષોએ સતત હોબાળો અને સૂત્રોચ્ચાર કરતાં લોકસભાની કાર્યવાહી પણ દિવસભર માટે સ્થગિત કરી દેવાઈ હતી.

## REV. PRESIDENT-TAMIL NADU VISIT

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ તેમની ચાર દિવસની તમિલનાડુની મુલાકાત અંતર્ગત આજે કોઈમ્બતુર પહોંચ્યા છે. તેઓ વેલિંગ્ટન ઊટી ખાતે આવતીકાલે

સંરક્ષણ સેવા સ્ટાફ કોલેજમાં યોજાનાર એક કાર્યક્રમમાં ઉપસ્થીત રહેશે. 29મી એ તેઓ નીલગીરીમાં આદિવાસી સમુદાય સાથે વાતચીત કરશે.

રાષ્ટ્રપતિની મુલાકાતને ધ્યાનમાં રાખીને કોઈમ્બતુર અને ઉટી તથા તેની આસપાસના વિસ્તારોમાં કડક સુરક્ષા કરવામાં આવી છે. પ્રતિકૂળ હવામાનને કારણે રાષ્ટ્રપતિ રોડ માર્ગે ઊટી જઈ રહ્યા છે.

## BAL VIVAH MUKT BHARAT

કેન્દ્રીય મહિલા અને બાળ વિકાસ મંત્રી અન્નપૂર્ણા દેવીએ આજે નવી દિલ્હીમાં બાલ વિવાહ મુક્ત ભારતના રાષ્ટ્રીય અભિયાનની શરૂઆત કરવી. આ કાર્યક્રમનો પ્રાથમિક એજન્ડા ભારતને બાળ લગ્ન મુક્ત રાષ્ટ્ર બનાવવાનો છે. શ્રીમતી અન્નપૂર્ણા દેવીએ બાળ લગ્ન-મુક્ત ભારત પોર્ટલનું પણ અનાવરણ કર્યું હતું. બાળ લગ્ન અટકાવવા અને બાળ લગ્નની ઘટનાઓ અંગે જાગૃતિ વધારવાના અભિયાનને સમર્થન આપવા માટે ઓનલાઈન પ્લેટફોર્મ વિકસાવવામાં આવ્યું છે.

## MINERAL BLOCKS - AUCTION

સરકાર આવતીકાલથી દરિયાકાંઠાના વિસ્તારોમાં ખનિજ બ્લોક્સની હરાજીની પ્રથમ શ્રેણી શરૂ કરશે. આ શ્રેણીમાં અરબી સમુદ્ર અને આંદામાન સમુદ્રમાં ફેલાયેલા 13 ખનિજ બ્લોક્સનો સમાવેશ થાય છે જેમાં રેતી, ચૂનાની માટી અને પોલિમેટાલિક નોડ્યુલ્સના મિશ્રણનો સમાવેશ થાય છે. આ ખનિજો આંતર માળખાનો વિકાસ, ઉચ્ચ તકનીકી નિર્માણ અને હરિત ઉર્જા માટે મહત્વપૂર્ણ છે.

ખાણ મંત્રાલયના જણાવ્યા પ્રમાણે આ પહેલ દેશના દરિયા કાંઠાના વિસ્તારની નજીકના સમુદ્રની નીચે હાજર ખનિજ સંસાધનોની શોધમાં કરવામાં

આવેલા કામનું પ્રતીક છે. 20 લાખ ચોરસ કિલોમીટરથી વધુ વિસ્તારમાં ફેલાયેલો દેશનો સ્પેશિયલ ઈકોનોમિક ઝોન મહત્વપૂર્ણ ખનિજ સંસાધનોનો ભંડાર છે.

## TRADE FAIR

નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે ચાલી રહેલ 43માં ભારત આંતર રાષ્ટ્રીય વેપાર મેળાનું આજે સમાપન થશે. Viksit Bharat @ 2047ની વિષે વસ્તુ આધારીત 14-દિવસીય આ મેળામાં વૈશ્વિક સ્તરે ભારતની આર્થિક અને સાંસ્કૃતિક સમૃદ્ધિનું પ્રદર્શન કરાયું છે. આ વર્ષે મુખ્ય રાજ્ય ઝારખંડ હતું, જ્યારે બિહાર અને ઉત્તર પ્રદેશ ભાગીદાર રાજ્યો હતા. આંતરરાષ્ટ્રીય મેળામાં ચીન, ઈજિપ્ત, ઈરાન, દક્ષિણ કોરિયા, થાઈલેન્ડ, તુર્કી અને યુએઈ સહિત 11 દેશોએ પણ ભાગ લીધો હતો.

## INTERNATIONAL TOURISM MART

કેન્દ્રીય પ્રવાસન મંત્રાલયે આજે ઈન્ટરનેશનલ ટુરીઝમ માર્ટની 12મી આવૃત્તિનું આયોજન કર્યું છે. યુનિસકોના વિશ્વ વારસા સ્થળ કાઝીરંગા રાષ્ટ્રીય ઉદ્યાન અને ટાઈગર રિઝર્વ ખાતે આયોજિત આ કાર્યક્રમનો હેતુ સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય સ્તરે ઉત્તર પૂર્વીય ક્ષેત્રની પ્રવાસન ક્ષમતાને ઉજાગર કરવાનો છે. આ ઇવેન્ટ આઠ પૂર્વોત્તર રાજ્યો-આસામ, અરુણાચલ પ્રદેશ, મણિપુર, મેઘાલય, મિઝોરમ, નાગાલેન્ડ, ત્રિપુરા અને સિક્કિમના પ્રવાસન વ્યવસાયો અને ઉદ્યોગસાહસિકોને એકસાથે લાવીને ખરીદદારો, વિક્રેતાઓ અને મીડિયા વચ્ચેના સહયોગનેપ્રોત્સાહન આપવાનો છે.

કેન્દ્રીય પ્રવાસન મંત્રી ગજેન્દ્ર સિંહ શેખાવત મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમા, કેન્દ્રીય જળમાર્ગ મંત્રી સર્વાનંદ સોનોવાલ અને અરુણાચલ પ્રદેશના મુખ્યમંત્રી પેમા ખાંડુની હાજરીમાં કાર્યક્રમનું ઉદ્ઘાટન કરશે. આંતરરાષ્ટ્રીય અને સ્થાનિક પ્રવાસન

**સેવા પ્રદાતાઓ, પ્રભાવકો, વરિષ્ઠ સરકારી અધિકારીઓ, મીડિયા અને આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ સહિત લગભગ 400 સહભાગીઓ આ ઇવેન્ટમાં ભાગ લઈ રહ્યા છે.**

# MID BREAK- NEWS

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABADને ફોલૉ કરી શકો છો.

## ISRAEL - HEZBOLLAH DEAL

**ઇઝરાયેલ સરકારે લેબનોનમાં હિઝબુલ્લાહ સાથે યુદ્ધવિરામ કરારને મંજૂરી મળ્યા બાદ આજથી તેનો અમલ શરૂ થઇ ગયો છે. ઈઝરાયેલના પ્રધાનમંત્રી બેન્જામિન નેતન્યાહુના કાર્યાલયે ગઈકાલે રાત્રે આ જાહેરાત કરી હતી અને ફ્રાન્સની મધ્યસ્થથી થયેલી આ સમજૂતીથી યુદ્ધ અટકે તેવી શક્યતા છે.**

**આ યુદ્ધમાં લેબનોનમાં અંદાજે ત્રણ હજાર આઠસો લોકો માર્યા ગયા છે અને 16 હજારથી વધુ લોકો ઘાયલ થયા છે. ઈઝરાયેલ કેબિનેટની મંજૂરી બાદ ફ્રાંસના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોન અને અમેરિકી રાષ્ટ્રપતિ જો બાઈડને એક સંયુક્ત નિવેદન બહાર પાડ્યું હતું. જેમાં કરારના અમલીકરણ અને સંપૂર્ણ પાલનની ખાતરી કરવા માટે તેઓ ઇઝરાયેલ અને લેબનોન સાથે કામ કરવાનું વચન આપ્યું હતું.**

**સમજૂતી અનુસાર, ઇઝરાયેલી દળો અને હિઝબુલ્લાએ આગામી 60 દિવસમાં દક્ષિણ લેબનોનમાંથી પીછેહઠ કરવી પડશે. લેબનોનના વિદેશ મંત્રીએ પહેલાથી જ આ કરારને સમર્થન આપ્યું છે. ઈઝરાયેલના પ્રધાનમંત્રી બેન્જામિન**

નેતન્યાહુએ હિઝબોલ્લાહ દ્વારા યુદ્ધવિરામ કરારના કોઈપણ ઉલ્લંઘન સામે તાત્કાલિક પગલાં લેવાની ચેતવણી આપી હતી.

## TN-CYCLONE

દક્ષિણ પશ્ચિમ બંગાળની ખાડી પર ઉદ્ભવેલું હવાનું ભારે દબાણ 13 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે ઉત્તર-ઉત્તરપશ્ચિમ તરફ આગળ વધ્યું છે. જે આગામી 12 કલાક દરમિયાન તીવ્ર ચક્રવાતી તોફાનમાં પરિણમવાની શક્યતા છે. આ તોફાન આગામી 48 કલાક દરમિયાન તમિલનાડુના દરિયા કિનારા અને શ્રીલંકાના કિનારા તરફ આગળ વધે તેવી શક્યતા છે.

હવામાન વિભાગે ચક્રવાત ફેંગલને કારણે તમિલનાડુના દરિયાકાંઠે ભારે વરસાદનું રેડ એલર્ટ જાહેર કર્યું છે. આકાશવાણી સાથે વાત કરતા હવામાન વિભાગના વરિષ્ઠ વૈજ્ઞાનિક આર. કે. જેનામણીએ કહ્યું કે આંધ્રપ્રદેશના દરિયાકાંઠે પણ ભારે વરસાદની સંભાવના છે. તેમણે માછીમારોને આગામી ત્રણ દિવસ દરમિયાન બંગાળની ખાડીના દક્ષિણ-પશ્ચિમ ભાગો, તમિલનાડુના દરિયાકાંઠા અને દક્ષિણ આંધ્રપ્રદેશના દરિયાકાંઠે ન જવાની સલાહ આપી છે.

## J&K-POLICE CRACKDOWN

જમ્મુ અને કાશ્મીરની જમ્મુ પોલીસે ગઈકાલે પ્રતિબંધિત સંગઠનો જૈશ-એ-મોહમ્મદ અને લશ્કર-એ-તોયબા સાથે સંકળાયેલા આતંકવાદી નેટવર્ક્સ પર મોટા પાયે કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસે જમ્મુ ક્ષેત્રના રાજૌરી, પૂંચ, કિશ્તવાર અને ઉધમપુર જિલ્લાઓના 56 જેટલા સ્થળોએ દરોડા પાડ્યાં હતા.

અમારા સંવાદદાતા અહેવાલ આપે છે કે આ કાર્યવાહીને કેટલાક આતંકવાદી પ્રવૃત્તિ સાથે સંકળાયેલા શંકાસ્પદોની ધરપકડ કરવામાં આવી હતી. આ

કાર્યવાહી દરમિયાન પોલીસને ઇલેક્ટ્રોનિક ઉપકરણો, દસ્તાવેજો, બિનહિસાબી રોકડ, શસ્ત્રો અને દારૂગોળો સહિતની ગુનાખોરી સામગ્રીની મળી આવી હતી. જમ્મુ ઝોનના એડિશનલ ડાયરેક્ટર જનરલ ઑફ પોલીસ આનંદ જૈને જણાવ્યું હતું કે દરોડા દરમિયાન મળેલી સામગ્રી અને માહિતીના આધારે તપાસ થઇ રહી છે. જૈને નાગરિકોને તેમની આસપાસના વિસ્તારમાં કોઈપણ શંકાસ્પદ પ્રવૃત્તિ અથવા વ્યક્તિઓની માહિતી મળે તો તેની જાણ પોલીસને કરવા અપીલ કરી હતી.

## PAKISTAN PROTESTS

પાકિસ્તાનના સુરક્ષા દળોએ ઇસ્લામાબાદમાં ડી-ચોકની આસપાસના વિસ્તારોમાંથી ઇમરાનખાનના સેંકડો ટેકેદારોની ધરપકડ કરી હતી જેલમાં બંધ ભૂતપૂર્વ પ્રધાનમંત્રી ઇમરાન ખાનના સમર્થકો ઇસ્લામાબાદના ડી-ચોકમાં એકત્રિત થયા હતા અને ઇમરાનખાનની મુક્તિની માંગણી કરી રહ્યાં હતા. ગત મધ્યરાત્રિએ પોલીસે આ તમામ પ્રદર્શનકારીઓને હટાવવાનું શરુ કર્યું હતું. આ વિસ્તારમાં લાઇટ બંધ કરવામાં આવી હતી અને ટોળાને વિખેરવા માટે સલામતી દળોએ ટીયરગેસ છોડ્યા હતા.

ગઈકાલે ઇમરાનખાનની પત્ની બુશરા બીબીની આગેવાની હેઠળ હજારો વિરોધીઓ શહેરના સંવેદનશીલ વિસ્તાર ડી-ચોકમાં એકઠાં થયા હતા અને ઇમરાનખાનની મુક્તિની માંગ સાથે વિરોધ પ્રદર્શન કર્યું હતું. આ વિરોધ પ્રદર્શન દરમિયાન હિંસા ફાટી નીકળી હતી, જેના પરિણામે પ્રદર્શનકારીઓ અને સુરક્ષા દળો વચ્ચેની અથડામણમાં છનાં મૃત્યુ થયા હતા અને ડઝનેક ઘાયલ થયા હતા.